ગાંધીનગર સમાચાર

# ભારત-ચીન વચ્ચે સંબંધો મજબૂત બનશે

નવી દિલ્હી,તા. ૦૮

કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર સત્તારૂઢ થયા બાદ પ્રથમ ઉચ્ચસ્તરીય મંત્રણાના ભાગરૂપે ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ આજે ભારતના વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ સાથે વાતચીત કરી હતી. દ્વિપક્ષીય સંબંધોને વધારે મજબૂત બનાવવા તથા મૂડીરોકાણ સહિતના અન્ય ચાવીરૂપ ક્ષેત્રોમાં સહકાર વધારવા ઉપર બન્ને નેતાઓ વચ્ચે ચર્ચા થઈ હતી. વાંગ યી ચીનના પ્રમુખ સી જીંનપીંગના ખાસ દૂત તરીકે ભારતની નવી સરકાર સાથે રાજકીય સંપર્કો સ્થાપિત કરવાના હેતુસર પહોંચ્યા છે. આજે સવારે



તેઓ પાટનગર દિલ્હી પહોંચ્યા હતા. તેમની યાત્રા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બેઠક પહેલા મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નરેન્દ્ર મોદી પણ મોડેથી ચીનની યાત્રા કરે તેવી શક્યતા છે. ચીનના વિદેશ મંત્રી સોમવારે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરશે. વાંગ યી અને સુષ્માની વાતચીત દરમિયાન તેમના સાથીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા જેમાં વિદેશ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે. ચીન સરકાર મોદીના નેતૃત્વમાં નવી સરકાર સાથે સંબંધ સુધારવા માટે કટિબદ્ધ છે. પૂર્વીય ચીનને લઈને વ્યાપાર ગતિવિધી વધી રહી છે ત્યારે આ વાતચીત ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ચીન અને ભારત વચ્ચે સરહદ સહિત ઘણા મુદ્દાઓ પર મતભેદો રહ્યા છે. પૂર્વ ચીન દરિયામાં જાપાન સાથે મેરીટાઈમ વિવાદને લઈને ચીન સામે મુશ્કેલી છે. આ ઉપરાંત ફિલીપાઈન્સ, વિયતનામ સાથે પણ ચીનના સંબંધ સારા રહ્યા નથી. વિદેશ નીતિના નિષ્ણાંત રણજીત ગુપ્તાએ કહ્યું છે કે, આ વાતચીત ખૂબ જ ફળદાયી રહી છે. ચીનના વિદેશ મંત્રીની ભારત યાત્રામાં નવી દિલ્હીમાં તિબેટના ઘણા લોકોએ વિરોધ કર્યો હતો તેમની સમક્ષ તિબેટનો મુદ્દો ઉઠાવવા વડાપ્રધાનને અપીલ કરવામાં આવી હતી. ઉત્તરદિલ્હીના મંજુકાટિલા વિસ્તારમાં આ દેખાવ કરાયા હતા.

## વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ બાંગ્લાદેશની યાત્રા ઉપર જવા તૈયાર

વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ આ મહીનામાં મોડેથી બાંગ્લાદેશની મુલાકાત કરશે. સુત્રોએ કહ્યું છે કે, સુષ્મા સ્વરાજ તેમના બાંગ્લાદેશી સમકક્ષની સાથે વાતચીત કરશે. પડોશી દેશની યાત્રા દરમિયાન સુષ્મા સ્વરાજ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના સાથે પણ વાતચીત કરશે. સુષ્મા સ્વરાજની વિદેશમંત્રી તરીકેની આ પ્રથમ મુલાકાત રહેશે. કેન્દ્રીય પ્રધાને આજે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે વાતચીત કરી હતી. જેમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવાનો મુદ્દો છવાયેલો રહ્યો હતો. વિદેશ પ્રધાનના નેતૃત્વમાં ચીનના પ્રતિનિધીમંડળની આવતીકાલે વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ સાથે પણ વાતચીત થશે. નવી સરકાર કેન્દ્રમાં રચાયા બાદ બે મહાકાય એશિયન દેશો વચ્ચે આ પ્રથમ સત્તાવાર વાતચીત હતી. ભારતના અધિકારીઓ સાથે પણ વાતચીત કરવામાં આવનાર છે. જોકે આજની વાતચીત દરમિયાન સરહદી મુદ્દો છવાયો ન હતો. વાંગ યીની યાત્રા દરમિયાન સંબંધો વધુ મજબૂત થનાર છે. થોડાક સમય પહેલા જ ચીનના સૈનિકોએ ઘુસણખોરી કરતા મામલો ખૂબ જ ગંભીર બન્યો હતો અને તીવ્ર તંગદીલી થયા બાદ આખરે વિવાદનો ઉકેલ આવ્યો હતો. ભારત અને ચીન આમને સામને આવ્યા હતા.

# ત્રાસવાદી સંગઠન આઈએમના બે આતંકવાદીની ધરપકડ થઈ

રાંચી,તા. ૮

નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ)ને આજે મોટી સફળતા હાથ લાગી હતી. એનઆઈએ દ્વારા ઓક્ટોબર ૨૦૧૩માં પટણા ખાતે નરેન્દ્ર મોદીની વિશાળ રેલી દરમિયાન થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટના સંબંધમાં રાંચીમાંથી વધુ બે ત્રાસવાદીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. પોલીસમાં સુત્રોએ કહ્યું છે કે ઈશ્તેખર અલમની સિથિયો ગામમાંથી ધરપકડ કરી લેવામાં આવી છે. જ્યારે ફિરોજ અસલમ ઉર્ફે સોનુની લોવેર બજારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. આવી જ રીતે સિથિયો ગામમાંથી મૌલાના તૌફિકની ધરપકડ કરવામાં આવી હતી. ઝારખંડ પોલીસ પ્રવકતા અનુરાગ ગુપ્તાએ માહિતી આપતા કહ્યું હતુ કે બે શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. ઝડપાયેલા શખ્સો પૈકી ઈશ્તેખર અલમ અને ફિરોજ અસલમને સદર હોસ્પિટલમાં ચેક અપ માટે લઈ જવામાં આવ્યા હતા. મોડેથી તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં એનઆઈએ દ્વારા ટ્રાન્ઝીટ રીમાન્ડ મેળવી લેવામાં આવ્યા હતા. તેમની સાથે એનઆઈએ દ્વારા બીજા બે શખ્સોને લઈને એનઆઈએની ટીમ પહોંચી હતી. અલમ અને ફિરોજ બન્ને ખતરનાક ત્રાસવાદી સંગઠન ઈન્ડિયન મુઝાહીદ્દીનના ટોચના લીડરોની સાથે સંપર્કમાં હતા. પૂછપરછ દરમિયાન આ બન્ને શખ્સોએ કહ્યું હતું કે તેમના પૈકીના એકે સિથિયો ગામમાં એક ખેતરમાં ૧૮ જીવતા ટાઈમર બોમ્બ છુપાવી દીધા હતા. આ બોમ્બ પટણા અને બોધ્ધ ગયા બ્લાસ્ટ માટે ઉપયોગ કરવામાં આવેલા બોમ્બ જેવા હતા.

# વરસોવા-ઘાટકોપર રૂટ પર પ્રથમ મેટ્રો ટ્રેન શરૂ

મુંબઈ,તા. ૦૮

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં આજથી મેટ્રોની સેવા શરૂ થઈ હતી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે લીલી ઝંડી બતાવીને મેટ્રો ટ્રેનની શરૂઆત કરાવી હતી. પશ્ચિમ ઉપનગરીએ વરસોવા સ્ટેશનથી પ્રથમ મેટ્રો સેવા શરૂ થઈ હતી. વરસોવા-ઘાટકોપર રૂટ ઉપર મેટ્રો ટ્રેન શરૂ થયા બાદ લોકોમાં ખૂબ ઉત્સુક્તા રહી હતી. આ સેવાની સાથે વરસોવાથી અંધેરી ઘાટકોપર વચ્ચે ૧૧.૪ કિલોમીટરના અંતરને માત્ર



૨૦ મિનીટમાં પૂર્ણ કરી શકાશે. માર્ગોથી આ યાત્રા કરવા માટે ૯૦ મિનિટનો સમય લાગે છે. દરરોજ ૧૧ લાખ લોકો આ રૂટનો ઉપયોગ કરી શકશે.

યાત્રીઓને અતિઆધુનિક સુવિધા આપવાની શરૂઆત થઈ ગઈ છે. આરઆઈઈન્ટ્રાના નેતૃત્વમાં જાહેર-ખાનગી ભાગીદારી મોડલ ઉપર અમલી બનનાર ભારતનો આ પ્રથમ મેટ્રો રેલવે પ્રોજેક્ટ છે જે આજે શરૂ થયો હતો. આના ઉપર ૪૩૦૦ કરોડનો ખર્ચ આવ્યો છે. રવિવારથી આની શરૂઆત થઈ હતી. ૧૧.૪ કિલોમીટર લાંબા વરસોવા-અંધેરી-ઘાટકોપર-ઈસ્ટવેસ્ટ કોરીડોર રસ્તામાં ૧૨ ઈલેવેટેડ સ્ટેશન છે. આ સેક્ટર ઉપર કુલ ૧૬ રેક્સ ગોઠવવામાં આવ્યા છે. દરેક ડબ્બામાં ચાર કોચની સુવિધા છે અને તેમાં ૩૭૫ યાત્રી આવી શકશે. આશરે ૧૫૦૦ યાત્રી પ્રતિ સર્વિસ મુસાફરી કરી શકે છે. વરસોવા અને ઘાટકોપર વચ્ચે લોકોને ફાયદો થશે. કોચની સંખ્યા ૨૦૧૭ સુધી પ્રતિ ટ્રેન છ સુધી વધારવામાં આવનાર છે. પોષાય તેવી ટીકીટના રેટ ઉપર મુંબઈ મેટ્રોમાં દરરોજ આશરે ૧૦ લાખ મુસાફરી કરી શકશે. હાલમાં વરસોવા અને ઘાટકોપર વચ્ચે ઈસ્ટવેસ્ટ કોરીડોર પર કોઈ ઉપનગરી ટ્રેન કનેક્શન નથી. ૧૨ સ્ટેશન આના પર રહેશે જેમાં વરસોવા, ડીએનનગર, આઝાદનગર, અંધેરી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, ચકલા, એરપોર્ટ રોડ, મારોલનાકા, સાકીનાકા, સુભાષનગર, અસલફા રોડનો સમાવેશ થાય છે. હવે કોલાબા-બાંદ્રાની રાહ પણ લોકો જોઈ રહ્યા છે. ઉપરાંત બાંદ્રા-કુરલા ઉપર પણ તબક્કાની શરૂઆત હાથ ધરવામાં આવનાર છે. બીજા તબક્કામાં ઘાટકોપર, મુલોન્દને આવરી લેવામાં આવશે. સમગ્ર મુંબઈ મેટ્રો પ્રોજેકટ ૧૪૬.૫ કિમીનો રહેશે. આના ઉપર ૨૦૦૦૦ કરોડનો ખર્ચ થશે. ૨૦૨૧ સુધી આને પૂર્ણ કરી લેવાશે.

## સીએમ પૃથ્વીરાજ, અનિલ અંબાણીની મેટ્રોમાં યાત્રા

મુંબઈ,તા.૦૮

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે પણ મેટ્રો ટ્રેનની મજા માણી હતી. આ સેવાની શરૂઆત કરવામાં આવ્યા બાદ મુખ્યમંત્રી પૃથ્વીરાજની સાથે ટ્રેનમાં રિલાયન્સ ઈન્ફ્રાના ચેરમેન અનિલ અંબાણી અને તેમના પત્ની ટીના અંબાણીએ પણ મજા માણી હતી. જોકે, પ્રથમ દિવસે જ ટેકનીકલ ખામી સર્જાઈ ગઈ હતી જેથી યાત્રીઓમાં પણ કેટલીક ચર્ચાઓનો દોર શરૂ થયો હતો. પ્રથમ દિવસે ટેકનીકલ ખામી સર્જાતા લોકો અટવાયા હતા. અડધા કલાક સુધી જાગૃતિનગર સ્ટેશન ખાતે મેટ્રો ટ્રેનને તકલીફ નડી હતી. જોકે લોકોએ અને તંત્રએ કહ્યું છે કે, આમાં કોઈપણ ગુંચવણ નથી આ ખામી દૂર કરી લેવામાં આવી છે.

# ૮ કંપનીની મૂડીમાં ૧.૪૬ લાખ કરોડનો વધારો થયો

નવી દિલ્હી,તા. ૮

શેરબજારમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન સેન્સેક્સની ટોચની આઠ કંપનીઓની માર્કેટ મુડીમાં ૧૪૬૭૪૧ કરોડનો ઉલ્લેખનીય વધારો થયો છે. એનર્જીની મહાકાય કંપની ઓએનજીસીની માર્કેટ મુડીમાં સૌથી વધારે વધારો થયો છે. શેરબજારમાં જોરદાર તેજી વચ્ચે બેન્ચમાર્ક સેન્સેક્સમાં છેલ્લા સપ્તાહ દરમિયાન ૪.૮૭ ટકાનો અથવા તો ૧૧૭૯૦ પોઈન્ટનો નોંધપાત્ર વધારો થયો હતો. ભારતની મોસ્ટ વેલ્યુબલ કંપનીઓ પૈકી ૧૦ કંપનીીની યાદીમાં આઠમાં છેલ્લા સપ્તાહ દરમિયાન વધારો થયો છે. આઠ કંપનીઓની માર્કેટ મુડીમાં કુલ ૧૪૬૭૪૧ કરોડનો વધારો થયો છે. જે કંપનીઓની માર્કેટ મુડીમાં વધારો થયો છે તેમાં આરાઈએલ, સીઆઈએસ, એસબીઆઈ અને એલએન્ડટીનો સમાવેશ થાય છે. ટોપ ટેન કંપનીઓની યાદીમાં સૌથી વધારે વધારો છેલ્લા સપ્તાહ દરમિયાન ઓએનજીસીમાં થયો છે. તેની માર્કેટ મુડીમાં ૭૩૩૬૩.૩૩ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી વદીને ૩૯૬૯૭૪.૭૪ કરોડ થઈ ગઈ છે. આ સપ્તાહ દરમિયાન કંપનીના શેરમાં ૨૨.૬૭ ટકાનો નોંધપાત્ર વધારો થયો હતો. આરઆઈએલની માર્કેટ મુડીમાં ૧૭૭૩૧.૧૨ કરોડનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મુડી ૩૬૨૦૧૫.૫૩ કરોડ થઈ ગઈ છે. જ્યારે એસબીઆઈની માર્કેટ મુડીમાં ૧૪૨૦૩.૫૬ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ૨૦૩૯૭૪.૯૭ કરોડ થઈ ગઈ છે. લાર્સન એન્ડ ટુબ્રોની માર્કેટ મુડીમાં ૧૨૯૬૫.૧૭ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ૧૫૬૬૧૧.૫૫ કરોડ થઈ ગઈ છે. આવી જ રીતે સીઆઈએલની માર્કેટ મુડીમાં ૧૨૫૩૭.૯૦ કરોડનો વધારો થયો છે. જેથી માર્કેટ મુડી વધીને ૨૪૬૯૬૯.૮૫ કરોડ થઈ ગઈ છે.

આવી જ રીતે આઈસીઆઈસીઆઈ બેંકની માર્કેટ મુડીમાં જંગી વધારો થયો છે. તેની માર્કેટ મુડીમાં ૭૩૬૪.૯૮ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી વધીને ૧૭૧૨૯૨.૦૪ કરોડ થઈ ગઈ છે. ઈન્ફોસીસની માર્કેટ મુડીમાં ૩૩૪૭.૮ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી વધીને ૧૭૨૨૫૯.૩૭ કરોડ થઈ ગઈ છે. આની બિલકુલ વિરુદ્ધમાં ટીસીએસની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે. તેની માર્કેટ મુડી ૧૧૭૮૧.૭૫ કરોડ ઘટી ગઈ છે. જેથી તેની માર્કેટ મુડી ૪૦૮૨૦૮.૭૦ કરોડ થઈ ગઈ છે. જ્યારે આટીસીની માર્કેટ મુડી ૩૬૧૮.૭ કરોડ ઘટી ગઈ છે. જેથી તેની માર્કેટ મુડી ૨૬૭૯૮૨.૫૦ કરોડ થઈ ગઈ છે. ટોપ-૧૦ કંપનીઓની યાદીમાં ટીસીએસ પ્રથમ ક્રમાંકે છે.

# ચંદ્રાબાબુ નાયડુને તમામ મદદની મોદીની ખાતરી

હૈદરાબાદ,તા. ૮

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે ચંદ્રબાબુ નાયડુએ આજે શપથ લીધા હતા. દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચંદ્રબાબુ નાયડુને શુભેચ્છા પાઠવીને બનતી તમામ મદદ કરવાની ખાતરી પણ આપી છે. મોદીએ કહ્યું છે કે, ચંદ્રબાબુ નાયડુ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી બની રહ્યા છે ત્યારે રાજ્યના વિકાસમાં તેમની ટીમ સંપૂર્ણપણે સફળ થાય તેવી અમારી અપેક્ષા છે. કેન્દ્ર સરકાર તમામ મદદ કરવા માટે તૈયાર છે. તેમણે એમપણ કહ્યું હતું કે, ચંદ્રબાબુ નાયડુ વહિવટી અનુભવ ધરાવે છે સાથે-સાથે આંધ્રપ્રદેશના વિકાસ સાથે કટિબદ્ધ પણ છે. તેલુગુદેશમ પાર્ટીના નેતા ચંદ્રબાબુ નાયડુ ૧૮ પ્રધાનો સાથે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે આજે શપથ લીધા હતા. રાજ્યપાલ નરસિમ્હન દ્વારા તમામને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. દક્ષિણ દરિયાકાંઠાના આંધ્રમાં ગંતુર શહેર નજીક આચાર્ય નાગરાજ યુનિવર્સિટીમાં શપથવિધીના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. નાયડુ અગાઉ સંયુક્ત આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે સેવા પણ આપી ચુક્યા છે.

# પ્રિયંકા અને રોબર્ટ વાઢેરાને અપાયેલી મુક્તિ જારી રહેશે

નવી દિલ્હી,તા. ૮

દેશમાં પ્રવાસ કરતી વેળા વિમાનીમથક પર સામાન્ય સુરક્ષા ચકાસણીમાંથી પ્રિયંકા ગાંધી અને તેમના પતિ રોબર્ટ વાઢેરાને આપવામાં આવેલી મુક્તિને પાછી ખેંચવાનો સરકારે ઈન્કાર કરી દીધો છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ધમકી અને અન્ય પરિબળોના આધાર પર કોઈ વ્યક્તિગતોને સુરક્ષા આપવામાં આવે છે. ગાંધી પરિવારને હમેંશા સુરક્ષા આપવામાં આવી છે. આવા લોકોને સુરક્ષા આપવાની ખાતરી કરવા માટે સંસ્થાઓ ચોક્કસ પ્રોટોકોલને પાળે છે. જેને બદલી શકાય નહી. હાલમાં પ્રિયંકા સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ સુરક્ષા ધરાવે છે. વિમાનીમથક પર સામાન્ય સુરક્ષા ચકાસણીમાંથી તેમને મુક્તિ આપવામાં આવે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે જો રોબર્ટ વાઢેરા એકલા પ્રવાસ કરશે તો વિમાનીમથક પર તેમને ચકાસણીનો સામનો કરવો પડસે પરંતુ જો તેમની સાથે પ્રિયંકા અતાવ તો અન્ય એસપીજી છત્ર ધરાવતા લોકો હશે તો રાહત મળશે. મિડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે નવી સરકાર વાઢેરાને આપવામાં આવેલી ખાસ સુરક્ષાને પાછી ખેંચી શકે છે. જો કે સરકારે હવે આવી કોઈ યોજના હોવાનો ઈન્કાર કર્યો છે. કેન્દ્રિય ગૃહ સચિવના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય સમિતીએ ધમકીના ખતરાના અનુસંધાનમાં વ્યક્તિગતોને આપવામાં આવેલી સુરક્ષાના પાસા પર સમીક્ષા કરી હતી. ધમકી અને તેમની સામે રહેલા ખતરાને ધ્યાનમાં લઈને કોઈને સુરક્ષા આપવા અંગે નિર્ણય કરવામાં આવે છે. એસપીજીના વડા દુર્ગા પ્રસાદને લખવામાં આવેલા પત્રમાં પ્રિયંકાએ અગાઉ વિમાનીમથક ખાતે સામાન્ય સુરક્ષા ચકાસણીની સુવિધા પાછી ખેંચવા અપીલ કરી હતી. પ્રિયંકાએ તેમની સુરક્ષાને પાછી ખેંચી લેવાની વિનંતિ કરી હતી.

# શ્રદ્ધા કપૂર હાલમાં મોહિત સૂરીની ધ વિલેન અને વિશાલ ભારદ્વાજની હૈદર ફિલ્મને લઈને ખુબ વ્યસ્ત

મુંબઈ,તા.૮

આશિકી-૨ મારફતે લોકપ્રિય થયેલી શ્રદ્ધા કપૂર માટે નિરાશાજનક સમાચાર છે. શ્રદ્ધા કપૂર હાલમાં મોહિત સૂરીની ધ વિલેન અને વિશાલ ભારદ્વાજની હૈદરની શૂટિંગમાં વ્યસ્ત છે. આની સામે શ્રદ્ધા કપૂર કાશ્મીરમાં હાલ શાહીદ સાથે હૈદર ફિલ્મના શૂટિંગમાં છે.હૈદર ફિલ્મનું શૂટિંગ પણ શિયાળામાં જ કરવામાં આવનાર છે. કારણ કે ખીણમાં એ ગાળામાં ઠંડીની સ્થિતિ રહે છે.હૈદર ફિલ્મ પહેલા તેને કેટલીક અન્ય ફિલ્મોની ઓફર મળી હતી પરંતુ તે કામ કરવાનો ઈન્કાર કરી ચુકી છે. હૈદર ફિલ્મમાં કામ કરવા માટે તે તૈયાર થઈ હતી .શાહિદ કપૂર સાથે તે હૈદર ફિલ્મમાં કામ કરી રહી છે. શ્રદ્ધા કપૂરને આશિકી-૨માં સફળતા



મળ્યા બાદ કેટલીક ફિલ્મો હાથ લાગી હતી. શ્રદ્ધા કપુર આવનારી તેની બન્ને ફિલ્મો હૈદર અને વિલનને લઈને આશાવાદી છે. વિલેન ફિલ્મ બોક્સ ઓફિસ પર ધુમ મચાવવા માટે તૈયાર છે. વિલન ફિલ્મના ગીતોને ધીમે ધીમે લોકપ્રિયતા મળી રહી છે. જેથી તેમની ફિલ્મ હિટ થાય તેવી શક્યતા છે. આ ફિલ્મમાં તે મોટા રોલમાં છે. ફિલ્મમાં તેની સાથે સિદ્ધાર્થ છે. સિદ્ધાર્થે પોતાની કેરિયરની શરૂઆત શાનદાર રીતે કરી હતી. સ્ટુડન્ટ ઓફ ધ યર મારફતે તે બોલિવુડમાં આવ્યો હતો અને રાતો રાત સ્ટાર બની ગયો હતો. જો કે ત્યારાબાદ તેની કોઈ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ થઈ ન હતી. પરંતુ હવે તે વિલન ફિલ્મને લઈને આશાવાદી છે. આ ફિલ્મમાં તે મોટી અને પડકારરૂપ ભૂમિકામાં નજરે પડનાર છે. બીજી બાજુ શ્રદ્ધાને પણ આ ફિલ્મથી સારી આશા છે. કારણ કે તેની કેરિયર પણ નવો વળાંક લે તેવી શક્યતા છે. બોલિવુડમાં નવી અભિનેત્રીઓ હાલમાં ભારે પડકાર ફેંકી રહી છે.

# દીપિકા- રણબીર લવસ્ટોરી ફિલ્મમાં ચમકશે

મુંબઈ, તા.૮

રણબીર કપૂર અને દીપિકાની છેલ્લી ફિલ્મ યે જવાની હૈ દિવાની બોક્સ ઓફિસ ઉપર સુપર હિટ સાબિત થયા બાદ આ જોડીને લઈને નવી ફિલ્મ બનાવવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. બન્ને કલાકારો એકબીજા સાથે કામ કરવા માટે રાજી પણ થઈ ગયા છે. સાજિદ નડિયાદવાળા આ ફિલ્મ બનાવવાની યોજના બનાવી રહ્યા છે. આનુ શૂટિંગ જુલાઈ મહિનાથી શરૂ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. હાલમાં ફિલ્મના સંદર્ભમાં વધારે માહિતી મળી શકી નથી પરંતુ ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રોનું કહેવુંછે કે આ ફિલ્મ લવ સ્ટોરી ઉપર આધારિત રહેશે. રણબીર અને દીપિકાની પ્રતિષ્ઠાને ધ્યાનમાં લઈને આ ફિલ્મ બનાવવામાં આવી રહી છે. ફિલ્મ માટેનું પ્રિપ્રોડેક્શન કામ છેલ્લા સાત-આઠ મહિનાથી ચાલી રહ્યું હતું. રણબીર અને દીપિકામાં પ્રેમ સંબંધો તૂટી ગયા બાદ તેઓએ યે જવાની હૈ દિવાની ફિલ્મમાં સાથે કામ કર્યું હતું. શૂટિંગ અને પ્રમોશન દરમિયાન પણ બંને ખૂબ સારા મિત્રો તરીકે રહ્યા હતા. આ બંને કહી ચૂક્યા છે કે નવી ફિલ્મોમાં પણ તેઓ એક સાથે કામ કરવાનું જારી રાખશે. બંનેની જોડી યુવા પેઢીને પણ ખૂબ પસંદ પડી રહી છે. યે જવાની હૈ દિવાની ફિલ્મ ભારતીય સિનેમા ઈતિહાસની સૌથી સફળ ફિલ્મો પૈકીની એક ફિલ્મ તરીકે જાહેર થઈ ચૂકી છે. રણબીર અને દીપિકા બંને યુવા પેઢીમાં ખૂબ લોકપ્રિય છે. દીપિકાની છેલ્લી તમામ ફિલ્મો બોક્સ ઓફિસ ઉપર ધૂમ મચાવી ચૂકી છે જેમાં ચેન્નાઈ એક્સપ્રેસ અને રામલીલા ફિલ્મનો સમાવેશ થાય છે. ચેન્નાઈ એક્સપ્રેસે બોક્સ ઓફિસ ઉપર ૨૦૦ કરોડથી પણ વધુની કમાણી કરી હતી.

## હું રસ્તે રઝળતી વારતા (પાના નં ૪ નું ચાલુ)

(પાના નં ૪ નું ચાલુ)

કુદરતના વિશાળ સામ્રાજયમાં એક સતત સંઘર્ષ ચાલ્યા જ કરે છે. અને હારજીત પણ ચાલ્યા જ કરે છે. માણસ પણ તેનો એક ભાગ છે. દરેક માણસ દરેક વખતે જીતી શકતો નથી. સફળ માણસો પોતાનાં સંતાનોનો સફળ કેમ થવું તે શીખવે છે, પણ નિષ્ફળતા કઇ રીતે બરદાસ્ત કરવી તે શીખવતા નથી. બીજાનાં જીવનમાંથી પણ સફળતા મેળવવાની ચાવીઓ આપણે શોધ્યા કરીએ ઓછીએ, પણ તેમને મળેલી નિષ્ફળતાઓ તેમને કઇ રીતે જીરવી હતી તેનો અભ્યાસ આપણે કરતાં નથી. અને જેને હારતાં આવડતું નથી તેને કશું જ આવડતું નથી. કોઇ એ સાચું જ કહ્યું છે, There is someting in human spirit, which is strengthened by disaster - અર્થાત્ - માણસના ખમીરમાં એવુ ંકોઇ તત્ત્વ છે જે વિફળતાઓ અને આપદ્દની ક્ષણોમાં બળવત્તર બને છે.

એકાદ હિટલર કે મુસોલીની કયારેક સફળતા પણ મેળવે, થોડા ખોટા સિકકાઓ બજારમાં ચાલી પણ જાય, પોલા અને પોકળ માણસો પણ સફળતા, સત્તા, ધન, કીર્તિ પ્રાપ્ત કરી શકે, ફુગ્ગાઓ ઘણીવાર બહુ ઊંચે ચડી જાય, પણ એથી કંઇ જીવનનું વહેણ બદલી જતું નથી. ખાલી પોકળ માણસોને દરેક સફળતા માત્ર મિથ્યાભિમાની અને વધારે નિર્બળ બનાવે છે, જયારે નિષ્ફળતા દરેક માતબર વ્યક્તિને મજબૂત અને શક્તિશાળી બનાવે છે. અને એવા માણસો જ આખરે નિષ્ફળતા અને સફળતા જયાજયથી પર, જીવનની ઉચ્ચ સપાટીએ પહોંચી શકે છે.

(સૌજન્ય : તમન્ના)

# બિહારમાં જીપ અને ટ્રેન વચ્ચે ટક્કર : ૧૧ના મોત

પટણા,તા. ૮

બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લામાં માનવ વગરના ક્રોસીંગ ખાતે જાનૈયાઓને લઈને જતી એક જીપ માલગાડી સાથે ટકરાતા ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા છે. માર્યા ગયેલા જાનૈયાઓમાં ચાર બાળકોનો સમાવેશ થાય છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, આ બનાવ ગઈકાલે મોડી રાતે બન્યો હતો. જીપમાં ૧૩ લોકો મુસાફરી કરી રહ્યા હતા. માલગાડીની ટક્કર વાગતા આ અકસ્માત સર્જાયો હતો. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, સુગોલી રેલવે સ્ટેશન અને મઝોલિયા વચ્ચે માનવરહિત ક્રોસીંગ ખાતે આ બનાવ બન્યો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે અન્ય સાતે હોસ્પિટલ પહોંચ્યા બાદ દમ તોડી દીધા હતા. તમામના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે.

## સમાચાર ઝલક

- નોઈડામાં ભાજપ કાર્યકરની હત્યાથી પથ્થરમારો તથા ભારે તંગદિલી.
- મોરબીમાં અંજતા કલોક ફેકટરીમાં ભીષણ આગ.
- વારાણસીમાં ગંગા શુદ્ધિકરણની કાર્યવાહીના શ્રી ગણેશ.
- અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાને લોકોના દેખાવો.
- દિલ્હીમાં વીજળીકાપથી વસાહતીઓ પરેશાન- ભારે રોષ-તંગદિલી.
- વારાણસીમાં વીજળી કાપમાં સુધારો-વેપારીઓ આનંદિત.
- છત્તીસગઢમાં નકસલવાદીઓએ ત્રણ વાહનોને સળગાવી દીધા.
- હરદોઈ સ્ટેશન નજીક ટ્રેન અકસ્માતમાં ૩નાં મોત.
- અફઘાનિસ્તાનમાં પુર આવતાં ૫૮નાં મોત.
- બ્રાઝીલમાં ફુટબોલ વર્લ્ડકપ માટે લોખંડી સુરક્ષા ગોઠવાઈ છે.
- ગુજરાતમાં ગરમીનો પ્રકોપ યથાવત- ગરમીના કારણે ૧૮નાં મોત.
- ચીનના વિદેશ મંત્રી સામે તિબેટીઓએ દેખાવો યોજયા.
- એસ.ટી. વોલ્વો બસમાં ભાડુ ૧૦ ટકા ઘટાડયું. પુરતા મુસાફરો મળતા નથી.
- સહકારી બેંકોના ખાતેદારો માટે જયોતિ ગ્રામ વિમા કવચ અમલી બનશે.
- શબવાહિનીઓનું તંગી અનુભવતું અમદાવાદ શહેર.
- આસામમાં ઉગ્રવાદીઓને અંકુશમાં લેવા વધુ સુરક્ષા દળો ગોઠવાયા.
- મહેસાણામાં પોલીસ પત્નીનો મૃતદેહ સ્વીકારવા માટે ઈન્કાર કરતા સ્વજનો.
- મહીસાગરમાં મગર ૧૪ વર્ષના વિદ્યાર્થીને તાણી ગયો.
- આજે વિશ્વ આઈસ્ક્રીમ દિવસ વિવિધ આઈસ્ક્રીમ કંપનીઓએ જુદા જુદા આઈસ્ક્રીમ બહાર પાડયા.